જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૨/૧૩ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૭૬૦/૧૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી ૧૨૫ લીટર દેશી દારૂ, ૧૮૮ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૨૪ બિયર ટીન, ૧ શિફ્ટકાર અને ૧ ઓટોરીક્ષા કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૭૬૧/૧૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧મુજબ કુલ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહીબીશન એક્ટ ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ- સમાચાર યાદી નં.૩૭૬૨/૧૩

તા.૧૩/૧૨/૧૩ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૫૩૦૫ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૩,૧૫,૦૭૫/- વસુલ કર્યા છે. આ પૈકી ૨૩ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૫૬ વાહનો ટો કરી રૂપિયા ૩૬૭૫/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૦૩ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૮ આઈ.પી.સી. ૨૭૯ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૨૭૭૨ કેસ કરી રૂપિયા ૧,૩૮,૫૫૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૩ થી તા.૧૩/૧૨/૧૩ સુધીમાં કુલ ૧૫,૭૯,૬૬૭ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૪૨,૭૮,૫૭૫/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

## છેતરપીંડી :- સમાચાર યાદી નં.૩૭૬૩/૧૩

**સરદારનગર** : હરેશભાઇ નારણદાસ ખાનચંદાણી (રહે.સિન્ધુ સાગર સોસાયટી, “જી” વોર્ડ, કુબેરનગર) એ તા.૧૩/૧૨/૧૩ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૨/૧૩ નાં કલાક ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે પોતાની બહેનનાં જમાઇ અનીલભાઇની ઇનોવા ગાડી નંબર જીજે. ૪ એ.જે. ૦૧૫૧ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- તથા પોતાનો રિલાયન્સ કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૮૦૦/- આરોપી લાલભાઇ ગુણવંતભાઇ જોશી (રહે.સર્જન બંગ્લોઝ, કેનાલરોડ, નવા નરોડા) ને પરત આપવાની શરતે રાખવા આપેલ. જે ઇનોવા ગાડી તેમજ મોબાઇલ ફોન આરોપી લઇ નાસી જઇ હરેશભાઇ ખાનચંદાણી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૩૭૬૪/૧૩**

**નરોડા** : બાબુભાઇ સોમાભાઇ સોનારા (રહે. ગંગા એપાર્ટમેન્ટ, જી.ડી.હાઇસ્કુલ સામે, સૈજપુર બોઘા નરોડા) એ તા.૧૩/૧૨/૧૩ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૨/૧૩ બપોરના ૨/૩૦ થી ૪/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનું તાળુ ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડનાં કબાટમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૩૫,૭૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી એમ.એ.વાળા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૩૭૬૫/૧૩**

**ચાંદખેડા** : પુષ્પાબહેન રમેશભાઇ સોલંકી (રહે.અચલ રેસીડેન્સી, કિતીધામ મંદીર પાછળ, ચાંદખેડા) એ તા.૧૩/૧૨/૧૩ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૧૨/૧૩ બપોરનાં ૩/૩૦ થી સાંજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન મહેસાણાથી ચાંદખેડા આવતી જીપમાં દેલગામથી બેસી ચાંદખેડા આવતાં હતા. આ મુસાફરી દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિએ પુષ્પાબહેનનાં પર્સની ચેઇન ખોલી અંદર મુકેલ પર્સ કે જેમાં સોનાનું મંગળસુત્ર, એ.ટી.એમ.કાર્ડ અને રોકડા રૂપિયા ૭૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૮,૦૦૦/- મતા હતી તેની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.જાડેજા ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** ભરતભાઇ રસિકલાલ બારોટ (રહે. સાકાર કાઉંટિ એશિયાટીક મોનાર્ક સીટી પાસે સરદાર પટેલ રીંગ રોડ નજીક સેલ બોપલ) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૧૩ બપોરના ૧૪/૦૦ વાગ્યાથી ૧૫/૦૦ વાગ્યા દરમ્યાન ભુયંગદેવ બી.ડી રાવ હોલ પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાની ગાડીનો દરવાજો ખોલી ૧૫ વર્ષથી ૧૭ વર્ષના આશરાનો ઈસમ ગાડીમાંથી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન, અને રોકડ રૂપિયા ૫૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૨,૨૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નરસિંહભાઇ કુબાભાઇ ચલાવે છે.

**નવરંગપુરાઃ** ગણેશભાઇ પૂનમચંદ સોની (રહે કાન્તી એપાર્ટમેન્ટ,. ભીમજીપુરા ચાર રસ્તા પાસે નવા વાડજ નારણપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૨/૧૩ સાંજના ૧૭/૩૦ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન ઇસ્કોન આર્કેડ સી.જી રોડ પાર્ક કરેલ પોતાના એકસેસ ગાડીની ડેકીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ડેકીમાંથી હાથીની બંગડી નંગ-૧૩- કિમત રૂપિયા ૧૩,૦૦૦/-, બે સેટ મોર ડીઝાઇન વાળા ગળામા પહેરવાના કિમત રૂપિયા ૩,૯૬૦/- અને ત્રણ નંગ કલગી માથામા પહેરવાની કિમત રૂપિયા ૫,૨૮૦/- મળી કુલ રૂપિયા ૨૨,૪૪૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હડમતસિંહ પ્રતાપસિંહ ચલાવે છે.

**સરખેજ** : મહેશભાઇ ગોરધંનભાઇ પટેલ (રહે.ગામઃ ભાદરણ, જુની ખડકી, ટાવર પાસે, તા.બોરસદ જી.સાણંદ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૨/૧૩ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે સરખેજ-સાણંદ સર્કલ સાબર હોટલ આગળ પોતાની પત્ની મિતાબહેન ટાવેરા ગાડીમાં બેઠા હતા દરમ્યાન એક ૨૦ થી ૨૫ વર્ષના પુરૂષે કાર પાસે આવી કહેલ કે “બહેન તમારા પૈસા બહાર પડી ગયા છે” એમ. કહેતાં મિતાબહેન ટવેરામાંથી નીચે ઉતરી પૈસા લેવા જતાં બીજો કોઇ અજાણ્યો પુરૂષ નજર ચુકવી મિતાબહેનનું પર્સ કે જેમાં રોકડા રૂપિયા ૩,૫૦,૦૦૦/- જે પર્સની ચોરી કરી લઇ ગયો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.ડી.ગોહીલ ચલાવે છે.

**સેટેલાઇટ** : જીગ્નેશભાઇ મહેન્દ્રભાઇ ગાંધી (રહે.તપોવન સોસાયટી, માણેકબાગ હોલ પાછળ, આંબાવાડી) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૨/૧૩ સવારનાં ૧૧/૦૦ થી ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન નહેરૂનગર સર્કલ બી.આર.ટી.એસ.બસમાંથી ઉતરતી વખતે અજાણી વ્યક્તિ જીગ્નેશભાઇનાં ગરમ જેકેટનાં ખિસ્સામાંથી બ્લેકબેરી કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- કાઢી લઇ ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી સુરેશરામ સખારામ ચલાવે છે.

**વાહનચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૭૬૬/૧૩**

**શહેરકોટડાઃ** ઇરફાન સલીમભાઇ ઘાંચી (રહે.રામલાલની ચાલી, કાલુપુર બ્રીજ નીચે) એ તા.૮/૧૨/૧૩ રાતના ૯/૦૦ વાગે કાલુપુર બ્રીજ નીચે રામલાલની ચાલીનાં નાકે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૧ ડી.ટી. ૨૨૩૭ કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૯/૧૨/૧૩ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ઇરફાન ઘાંચીએ તા.૧૩/૧૨/૧૩ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રભાતસિંહ સાલમસિંહ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ** : બાબુભાઇ નરસિંહ પટેલ (રહે.હરીદર્શન પાર્ક સોસાયટી, સીટીએમ એક્ષપ્રેસ હાઇવે ની સામે, અમરાઇવાડી) એ તા.૧૧/૧૨/૧૩ સવારના ૭/૩૦ વાગે ઉમીયા કેમ્પસ પ્લોટનાં પાર્કિંગમાં પોતાની મારૂતી ઝેન કાર નંબર જીજે ૧ એચ.બી. ૨૯૫ કિમત રૂપિયા ૬૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૧/૧૨/૧૩ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ બાબુભાઇ પટેલે તા.૧૩/૧૨/૧૩ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૭૬૭/૧૩**

**ગાયકવાડ હવેલી** : ખેગારભાઇ કુબેરભાઇ મકવાણા (રહે.લાલબહાદુર શાસ્ત્રીનગર, બહેરામપુરા) તા.૧૩/૧૨/૧૩ સવારનાં ૬/૦૦ વાગ્યાના સુમારે જમાલપુર ફુલબજાર સામે રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક અજાણ્યો ટ્રક જેવા વાહનનાં ચાલકે ખંગારભાઇની પત્ની રંજનબહેન (ઉ.વ.૩૬)ને ટક્કર મારી શરીરે પડખાનાં ભાગે તેમજ પીઠનાં ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડી તેમનું મૃત્યુ નિપજાવી નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રંજનબહેનના પતિ ખેગારભાઇએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કમળસિંહ ભુરાભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૩૭૬૮/૧૩**

**શહેરકોટડાઃ** પાલીબહેન પરષોત્તમનગર નાડીયા (ઉ.વ.૬૦) (રહે.બાપાલાલ કડીયાની ચાલી સરસપુર) એ માનસીક બીમારીથી કંટાળી તા.૧૨/૧૨/૧૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૩/૧૨/૧૩ સવારના ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નટવરસિંહ અરજનસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.